**માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામોના કમ્પોઝિટ ટેન્ડરમાં લિફ્ટની વાર્ષિક મરામત અને નિભાવણીના ભાવો આમંત્રિત કરવાની નીતિ નક્કી કરવા બાબત.**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંક : RBD/PLC/e-file/16/2025/8148/Section N
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૫/૦૧/૨૦૨૬

**વંચાણે લીધા:-**

(૧) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન, તા.૩૧/૦૩/૧૯૮૩ નો ઠરાવ

(૨) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન, તા.૧૭/૦૧/૧૯૮૫ નો ઠરાવ

(૩) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન, તા.૦૮/૦૪/૧૯૮૬ નો ઠરાવ

(૪) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન, તા.૦૧/૦૯/૧૯૮૮ નો ઠરાવ

(૫) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન.(ભાગ.૧), તા.૨૬/૦૯/૧૯૯૦ નો ઠરાવ

(૬) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન.(ભાગ.૧), તા.૦૫/૦૯/૧૯૯૧ નો ઠરાવ

(૭) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી-૩૧૮૦/૩૮૭૫/૨૫૦૭/ન.(ભાગ.૨), તા.૧૫/૦૯/૧૯૯૪ નો ઠરાવ

(૮) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: બીડીજી/૩૧૮૦/૩૮૭૫/(૨૫૦૭) ભાગ-૩/ન, તા.૨૮/૦૩/૨૦૦૩ નો ઠરાવ

(૯) માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: પરચ/૧૦૨૦૦૦/૪૨૧/૩૬૨૭/ન, તા.૧૨/૧૨/૨૦૦૦ નો પરિપત્ર

**આમુખ:-**

રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતાં સરકારી રહેણાંક તથા બિન રહેણાંક મકાનોમાં લિફ્ટ, એ.સી. પ્લાન્ટ, એચ.ટી. સબ સ્ટેશન વગેરે તેમની કામગીરી સંપૂર્ણ કાર્યક્ષમતાથી કરે અને સતત કાર્યરત રહે તે માટે વિભાગના વખતોવખતના ઠરાવોથી તમામની મરામત અને જાળવણી અર્થેના ધારાધોરણો અંગેની નીતિ નક્કી કરવામાં આવેલ.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા એક કરોડથી વધુની રકમના ટેન્ડરો કમ્પોઝિટ એટલે કે સિવિલ અને વિદ્યુતના સાથે સંયુક્ત રીતે એક જ ટેન્ડરમાં આમંત્રિત કરવાની પદ્ધતિ અમલમાં છે. જેના અનુસંધાને કમ્પોઝિટ ટેન્ડરમાં લિફ્ટના મરામત અને જાળવણીના ભાવો માંગવાની વર્તમાન પદ્ધતિમાં રહેલ સમસ્યાઓને ધ્યાને લેતાં મૂળ કમ્પોઝિટ ટેન્ડરની સાથે વિદ્યુતનું ટેન્ડર હોય તેવા ટેન્ડરમાં લિફ્ટના મરામત અને નિભાવણીના ૧૫ વર્ષના ભાવો આમંત્રિત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સરકારશ્રીની પુખ્ત વિચારણાને અંતે હવેથી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતાં રહેણાંક તથા બિન રહેણાંક મકાનોમાં સ્થાપિત થયેલ તમામ લીફ્ટ/એસ્કેલેટરની મરામત અને જાળવણીના ૧૫ વર્ષના ભાવો માંગવાની બાબતમાં નીચે મુજબની પદ્ધતિ ઠરાવવામાં આવે છે.

(૧) હાલના તબક્કે કમ્પોઝિટ ટેન્ડરમાં લિફ્ટના ૧૫ વર્ષના મરામત અને જાળવણીના વાર્ષિક ભાવો આમંત્રિત કરવાની પદ્ધતિ સંપૂર્ણપણે બંધ કરવાની રહેશે.

(૨) હવેથી કમ્પોઝિટ ટેન્ડર ભરતી વખતે મૂળ સીવીલ ઈજારદાર રૂ.૩૦૦ ના નોટોરાઈઝડ સ્ટેમ્પ પર આ સાથે સામેલ રાખેલ **એનેક્ષર-(૨) નમૂના મુજબની બાહેંધરી** આપવાની રહેશે તથા તેને ટેન્ડરના પ્રી-ક્વોલીફિકેશનનો ભાગ બનાવવાનો રહેશે.

૨. પ્રસ્તુત હુકમો સમાન ક્રમાંકની ઈ સરકાર ફાઈલ પર સચિવશ્રીની તા.૦૫/૦૧/૨૦૨૬ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

**(બી. એચ. જાની)**
**ઉપ સચિવ (વિદ્યુત)**

File No: RBD/PLC/e-file/16/2025/8148/Section N
Approved By: Officer on Special Duty,Section H,RBD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

<u>બિડાણ: એનેક્ષર- (૨)</u>

<u>નકલ રવાના જાણ તેમજ જરૂરી કાર્યવાહી સારૂ:</u>

- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુ.ઇ.શ્રી અને નિયામકશ્રી (એસ.ટી.સી.), સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (વિ.યો.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ ફરજ પરના અધિકારીશ્રી (ચં.ઓ.), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ(સ્ટેટ/પંચાયત).
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ(વિદ્યુત).
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (સ્ટેટ/પંચાયત).
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રીઓ (વિદ્યુત)
- સર્વે તાંત્રિક ઉપસચિવશ્રીઓ, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, (ન, સ, સ-૧, સ-૨, ડ, ડ-૧, ડ-૨, ડ-૩), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ખાનગીકરણ શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય તરફ પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ – ૨૦૨૬.
- શાખા સિલેક્ટ ફાઈલ – ૨૦૨૬.

(રૂ.૩૦૦/- નો સ્ટેમ્પ પેપર)

**એનેક્ષર-(૨)**

**માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામોના કમ્પોઝિટ ટેન્ડરમાં લિફ્ટની વાર્ષિક મરામત અને નિભાવણીના ભાવો આમંત્રિત કરવાની નીતિ નક્કી કરવા બાબત.**

**(વિભાગના તા.૧૫/૦૧/૨૦૨૬, ઠરાવ ક્રમાંક: RBD/PLC/e-file/16/2025/8148/Section N સાથેનું બિડાણ)**

૧. ટેન્ડરમાં દર્શાવેલ લિફ્ટની આઇટમ ન. ________ ની મરામત અને નિભાવણી ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ : બીડીજી/૩૧૮૦/૩૮૭૫(૨૫૦૭) ભાગ-૩/ન, તા.૨૮/૦૩/૨૦૦૩ મુજબ લિફ્ટ લગાવનાર મૂળ ઉત્પાદક પેઢી પાસે મરામત અને નિભાવણીનો કરાર કરાવી આપવામાં આવશે, તે બાબતની બાહેંધરી આપવાની રહેશે.

૨. ખરેખર કામગીરી પૂર્ણ થયેથી લિફ્ટની આઇટમના બિલની રકમના ચૂકવવા પાત્ર કિમતના ૧૦ % રકમ લાગુ પડતાં કાર્યપાલક ઈજનેરશ્રી (વિદ્યુત) કપાત કરીને બિલ સબંધિત સીવીલ વિભાગને મોકલશે, તેની સામે અમને વાંધા સરખું નથી.

૩. લિફ્ટની મૂળ ઉત્પાદક પેઢી કે જેની લિફ્ટ પ્રોજેકટમાં લગાવવામાં આવશે તે મૂળ ઉત્પાદક પેઢી અને સબંધિત વિભાગ વચ્ચે વાર્ષિક મરામત અને નિભાવણીનો કરાર ગુજરાત સરકાર, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગરના ઠરાવ : બીડીજી/૩૧૮૦/૩૮૭૫(૨૫૦૭) ભાગ-૩/ન, તા.૨૮/૦૩/૨૦૦૩ મુજબ કરાવીને સબંધિત કા.ઈ.શ્રી (વિ) ને રજૂ કરવાનું બાહેંધરી આપું છુ અને તે બાહેંધરી રજૂ થયેથી મુદ્દા ન.૦૨ મુજબ કપાત કરાયેલ ૧૦ % રકમ સબંધિત કા.ઈ.શ્રી (વિ) મુક્ત કરવાની ભલામણ કરશે, તે વિગત સાથે અમને કોઈ વાંધા સરખું નથી.

ઉપરોક્ત શરતો અમે વાંચી, સમજી છે અને અમને કબુલ, મંજૂર છે.

(ટેન્ડર ભરનાર ઈજારદારની સહી – સ્ટેમ્પ સાથે)

સ્થળ :

તારીખ :